ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરનો ટાઉનહોલ બે મહિનામાં ખુલ્લો મુકાશે

**નવા રૂપરંગ સાથે ટાઉનહોલ તૈયાર : ૧૭ કરોડના ખર્ચે કરવામાં આવેલા રીનોવેશન બાદ લાઈટ, સાઉન્ડ, સીટીંગ એરેન્જમેન્ટ અને ગ્રીન રૂમની નવી સુવિધા મળશે**



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની મધ્યમાં આવેલ ટાઉનહોલ રીનોવેશન બાદ તૈયાર થઈ ચુક્યો છે. આગામી બે મહિનામાં જ તે સામાન્ય જનતા માટે ખુલ્લો મુકાશે. ૧૭ કરોડના ખર્ચે ટાઉનહોલ નવા રૂપરંગ સાથે ચાર વર્ષ બાદ તૈયાર થતાં શહેરમાં સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિઓ પુનઃ ધમધમતી થઈ જશે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેનુ એક માત્ર સરનામુ ટાઉનહોલનુ રીનોવેશન ચાર વર્ષ અગાઉ શરૂ કરાયુ હતુ. સેક્ટર-૧૭ જેવા શહેરની મધ્યમાં આવેલા વિસ્તારમાં આવેલો ટાઉનહોલ શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનુ સરનામુ બની રહ્યો હતો. નાટક, આરંગેત્રલ, શાળા-કોલેજના વાર્ષિકોત્સવ હોય કે ગીત-સંગીતના કોઈપણ કાર્યક્રમ હોય ટાઉનહોલમાં જ તે ભજવાતા હતા. ટાઉનહોલને રીનોવેશનની જરૂરીયાત ઉભી થતાં થોડાક સમય અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા તેને રીનોવેશનમાં મુકાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# મનપા ગ્રામીણ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના મેઈન્ટેન્સ પેટે વધારાના ૧૬ લાખ ચુકવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મનપા હસ્તકના સ્ટ્રીટલાઈટ મેઈન્ટેન્સની કામગીરી અંગે ઉમિયા ભળેલા ગ્રામ્ય વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના મેઈન્ટેન્સ માટે ૫૦૦ જેટલા થાંભલાઓ માટે આ ઈજારદારની ટેન્ડર પદ્ધતિની પસંદગી કરવામાં આવી હતી.

આ પછી ક્રમશઃ ગુડા દ્વારા પણ તેના વધતા જતા ભારણને વધારાની રકમ ફાળવણી કરવા માટે માંગ કરી હતી જે હવે મનપાએ માન્ય રાખી છે.

મનપામાં ભેળવવામાં આવેલ પેથાપુર નગરપાલિકા તેમજ ૧૮ ગામોમાં સ્ટ્રીટલાઈટના મેઈન્ટન્સ માટે

## ગુડા આર્થિક ભારણને ઘટાડવા વધુ ને વધુ સ્ટ્રીટલાઈટોના થાંભલાની મેઈન્ટેન્સની કામગીરી મનપાને સોંપી રહી હોવાથી ખર્ચમાં વધારો થયો

ઈલેક્ટ્રીકલ્સની ટેન્ડર રકમ સામે થનાર વધારાની રકમ રૂ. ૧૬ લાખની ચુકવણી કરવા અંગે તેમજ બે માસ માટે એજન્સીની મુદત વધારવાનો નિર્ણય લેવામાં આવશે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપાની હદ વધતાં નિવારવા બે તબક્કામાં ૧૨૦૦થી વધુ થાંભલાઓના મેઈન્ટેન્સની જવાબદારી મનપાને સુપ્રત કરવામાં આવતાં એજન્સીના કામના ભારણમાં વધારો થયો હતો.

એજન્સીએ નવા ફાળવવામાં આવેલ થાંભલાઓના મેઈન્ટન્સ પેટે તંત્રએ નવુ ટેન્ડર જારી કર્યુ હતુ અને તે અંગેનો ઓર્ડર આપવાની કામગીરી હાલ પ્રગતિમાં હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં જો કે સ્ટ્રીટલાઈટની ફરિયાદ સતત વધી રહી છે. જો કે આ દિશામાં નવી એજન્સીની નિયુક્તી બાદ સરળતા ઉપલબ્ધ થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે સરગાસણ, કુડાસણ, ઈન્દ્રોડા, બોરીજ, અંબાપુર, કોબા, ભાટ સહિતના ગામોમાં ફરિયાદનું પ્રમાણ ઘણુ વધી જવા પામ્યુ છે.

કેટલાક અભિપ્રાયો મુજબ મનપાએ કોઈ એક જ એજન્સી નક્કી કરવા સિવાય હાલની કામગીરિને સુદઢ કરવા માટે ઈલેક્ટ્રીકલ ઝોન બનાવી અને ૨ થી ૩ એજન્સીઓ નિયત કરવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં યુ.જી.વી.સી.એલ.ની સેવાઓ સતત કથળી રહી છે તે બાબતને પણ ધ્યાને લેવી જોઈએ એટલુ જ નહિ ગ્રામીણ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ માટે સોલાર એનર્જી પર ભાર મુકવો જોઈએ.

# આજે સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સ્થાયી સમિતિની મહત્વની બેઠક સ્થાયી સમિતિના સભાખંડમાં સવારે ૧૧.૩૦ વાગે સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષપદે મળશે.

આ બેઠક માટે ૧૧ જેટલા મુદ્દાનો એજન્ડા સભ્યોને જારી કરવામાં આવ્યો છે. અંદાજે રૂ. ૫૫ કરોડના વિકાસ કામો ઉપરાંત વિવિધ વહીવટીય બાબતો અંગે આજની બેઠકમાં મહત્વના નિર્ણય લેવામાં આવશે.

# નોટીફાઈડના ૧૭૩ કર્મચારીઓના પગાર-પેન્શનના એરિયર્સ અંગે આજે નિર્ણય કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તીત્વમાં આવી તે અગાઉ નોટીફાઈડ એરિયા કચેરીમાં ફરજો બજાવતા ૧૭૩ જેટલા કર્મચારીઓને પગાર, પેન્શનના ચડેલા એરિયર્સ અંગે આજે મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

નોટીફાઈડ એરિયાના ૧૭૩ કર્મચારીઓ પૈકી ૧૩૯ કર્મચારી વય નિવૃત્ત થઈ ગયા છે. જેમને ૨૦૧૦થી મનપામાં અસ્તીત્વમાં આવતા પેન્શનના એરિયર્સનો મુદ્દો મહત્વનો છે.

મળતી વિગતો પ્રમાણે આ ૧૭૩ કર્મચારીઓ પૈકી હાલ ૩૭ જેટલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

મનપાના સૂત્રોના જણાવ્યાનુસાર નોટીફાઈડ એરિયાના આ કર્મચારીઓના પેન્શનના તફાવતની રકમ સહિતના ચુકવવા પાત્ર નાણાંની રકમ રૂ. ૧૪ કરોડ જેટલી થવા જાય છે. આ ભારણ મનપાની તિજોરી પર આવશે. આ પછી દર વર્ષે આ ભારણ રૂ. સવા કરોડ જેટલુ થશે.

મનપાની રચના થતાં આ કર્મચારીઓ મનપાના થયા હતા. મનપાની હદ અને કર્મચારીઓ વધ્યા છે પણ જુના કર્મયોગીઓની રજુઆતને ધ્યાને લઈ મનપાના સત્તાધીશોએ આ અંગે હકારાત્મક અભિગમ દાખવી અને આજે મહત્વનો નિર્ણય કરશે. મનપાના આ માનવીય અને હકારાત્મક અભિગમનો મુદ્દો મનપાના કર્મચારીઓમાં ચર્ચા બની ચર્ચાયો હતો. નોટીફાઈડ કચેરી વખતે સીમીત શાખાઓ અને કર્મચારીઓ હતા.

# જિલ્લામાં ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટનું જિલ્લાકક્ષાનું આયોજન તૈયાર કરાયુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી જિલ્લાકક્ષાના ૮૭ કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

૧૫મા નાણાંપંચ અંતર્ગત ગ્રામ્યકક્ષાએ ગ્રાન્ટના ૭૦ ટકા, તાલુકાકક્ષાએ ૧૫ ટકા અને જિલ્લાકક્ષાએ ૧૫ ટકા રકમ ફાળવવામાં આવતી હોય છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં ૨૫ કામ, ગાંધીનગર તાલુકામાં ૨૬ કામ, દહેગામ તાલુકામાં ૨૧ કામ અને માણસા તાલુકામાં ૧૫ કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લાકક્ષાના આ કામોના આયોજનને સામાન્ય સભામાં મંજૂરીની અપેક્ષાએ રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલી આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લાના ચારેય તાલુકામાં વિવિધ ગામડાઓમાં પાણી, ગટર, રસ્તા, એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ, સી.સી. ટીવી કેમેરાના કામ પસંદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આંગણવાડી માટે મકાન, શાળા ફરતે સુરક્ષા દિવાલ, સ્મશાન, પ્રા. શાળાના ઓરડા, નવીન બોર, આર.ઓ. પ્લાન્ટ, પાણીના ટેન્કર, ગામના મુખ્ય માર્ગોની સફાઈ માટે સ્વીપીંગ મશીન, ડસ્ટબીન, પંચાયત ઘરના ફરતે વરંડા, જેટીંગ મશીન સહિતના કામો આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૮૩ કામો માટે રૂ. પાંચ લાખની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે માણસા તાલુકામાં બે કામના ખર્ચનો અંદાજ વધારે આવ્યો છે. તેમાં રૂ. ૧૮ લાખના ખર્ચે આજોલ પ્રા.આ. કેન્દ્ર માટે એમ્બ્યુલન્સવાન અને ઈટાદરામાં નાથીબા તળાવથી પીંપળીયા તળાવ તરફ પાણીના નિકાલ માટે ગટરલાઈનના કામનો સમાવેશ થાય છે.

જિલ્લામાં જિલ્લાકક્ષાના અગાઉના વર્ષો ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨ના કામોની ધીમી ગતિને વેગીલી બનાવવા માટે પણ આજે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં જિલ્લાકક્ષાની ગ્રાન્ટના ૧૧૬ કામો પ્રગતિ હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

# આજે સે. ૨૮માં તંત્ર દ્વારા શેરી બાળકો માટે ખાસ સેવાસેતુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સે. ૨૮ની સમર્પણ મૂક બધિર શાળા ખાતે આજે તંત્ર દ્વારા એક ખાસ વિશિષ્ટ સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યુ છે.

સુપ્રિમ કોર્ટના નિર્દેશ અનુસાર બાળ સ્વરાજ પોર્ટલમાં ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સીચ્યુએશનમાં એન્ટ્રી થયેલ બાળકો, વાલીઓને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે સંકલન કરીને તે યોજનાઓ થકી પુનઃ સ્થાપન અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં શેરી બાળકો તરીકે ૭૦ જેટલા બાળકો નોંધાયેલા છે. આ બાળકો પૈકી ૩ બાળકો અન્ય જિલ્લામાંથી સ્થળાંતરિત થઈ આવ્યા છે. જ્યારે જિલ્લાના ૬૭ બાળકો આ પોર્ટલ પર નોંધાયેલા છે.

૨૬ જેટલા પરિવારો માટે આજે આ અંગે ખાસ સેવાસેતુ સે. ૨૮ ખાતે યોજવામાં આવેલ છે. આ પરિવારો દૈનિક રોજગારી મેળવી અને ગુજરાન ચલાવી રહ્યા છે ત્યારે તંત્ર આ પરિવારોના દ્વારે પહોંચ્યુ છે અને આજે તેમને વિવિધ સેવાઓના લાભ માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે. આજે તંત્ર દ્વારા આ ખાસ સેવાસેતુ માટેની તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. આ સેવાસેતુ સવારે ૧૦ વાગે શરૂ થશે. આ સેવાસેતુના લાભાર્થીઓને લાવવા તેમજ પરત જવા માટેની પણ સુવિધા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૧૯ કેસ

**શહેરમાં કોરોનાના નવા ૭ કેસ : ગ્રામ્યમાં નવા ૧૨ કેસ નોંધાયા : શહેરના સે. ૨ માં બે, ઈન્ફોસીટી, સે. 3, ૪, ૬, 30 માંથી કેસો મળી આવ્યા : ગાંધીનગર-માણસામાંથી 3-3 કેસ : કલોલમાં ૬ કેસ, કલોલમાં તમામ મહિલા દર્દી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૨ કેસ તેમજ શહેરમાં નવા ૭ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં સતત ચડાવ ઉતાર કોરોનાના કેસોમાં નોંધાઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૬ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ જાન્યુ.૨૩ પછી નોંધાયેલા કેસોમાં સારો રહેવા પામ્યો છે. હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઘટ્યો છે તેથી તંત્રને રાહત છે.

ગાંધીનગર-શહેર જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર રહેતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. નમૂના પરીક્ષણ માટે વધુ મેળવવામાં આવી રહ્યા હોવાથી ચડાવ-ઉતાર કેસોમાં જોવા મળી રહ્યાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

શહેર-જિલ્લામાં હાલ પોઝીટીવીટી રેટ ૧ ટકાને પાર થઈ ગયો છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો પણ ૩૫૦ની નજીક પહોંચવા આવ્યા છે. જે કેસો વધી રહ્યા છે તે છુટા છવાયા વિસ્તારમાંથી મળી રહ્યા છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો દાવો કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૨ નવા કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકમાં ત્રણ, માણસામાં ૩ અને કલોલમાં ૬ કેસ નોંધાયા છે. આ ત્રણેય તાલુકામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં નવ મહિલા દર્દીઓ તેમજ વીસ વર્ષથી નાની વયના એક વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં રતનપુર ગામની બે મહિલા ઉપરાંત ઉવારસદ ગામેથી ૩૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે વધુ કેસ નોંધાયા છે. જેમાં માણસા શહેરમાંથી બે મહિલા દર્દી મળ્યા છે. જ્યારે સોલૈયા ગામેથી ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા શહેર હવે કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. માણસા શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં ગાંધીનગર-કલોલ અને આ વખતે માણસા તાલુકો પણ કોરોના માટે જે રીતે સંવેદનશીલ બની ઉભરી રહેલ છે તેથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામેલ છે.

કલોલમાં આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરના અર્બન-૧ વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. આ ઉપરાંત નારદીપુર ગામમાંથી બે દર્દીના કેસ નોંધાયા છે. પાનસરમાંથી પણ બે મહિલા દર્દીના કેસ મળ્યા છે. આમ આજે કલોલ તાલુકામાં નોંધાયેલા ૬ કેસ મહિલા દર્દીના નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૩૯ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝીટીવીટીનો રેટ ઝડપથી વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨ કેસ સહિત હાલ ૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૭ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ કેસમાં ૩ મહિલા દર્દી તેમજ ચાર સિનીયર સિટીઝનનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર એસ.ટી. બસસ્ટેન્ડ ખાતે ખિસ્સાકાતરૂઓનો ત્રાસ વધી રહ્યો છે. મુસાફરોના મોબાઈલ અને કિંમતી ચીજવસ્તુઓની વારંવાર ચોરી થતાં મુસાફરો હેરાન પરેશાન છે. એસ.ટી. બસસ્ટેન્ડમાં વધારાનો બંદોબસ્ત ગોઠવવા અને સીસીટીવી કેમેરા લગાવવા મુસાફરો માંગ કરી રહ્યા છે. પોલીસ ચોકી શરૂ કરીને પણ ખિસ્સાકાતરૂઓથી બચી શકાય છે.

# સરકારે મધ્યાહન ભોજન કુકિંગ કોસ્ટમાં વધારો કર્યો

**મધ્યાહન ભોજન યોજનામાં કુકિંગ કોસ્ટને લઈ મહત્વની જાહેરાત : ધો.૧થી ૫માં વિદ્યાર્થી દીઠ રૂપિયા ૫ અને ૪૫ પૈસા તેમજ ધોરણ ૬થી ૮માં વિદ્યાર્થી દીઠ રૂપિયા ૮ અને ૧૭ પૈસાનો વધારો કરાયો છે**

ગાંધીનગર, તા.૧૮

મધ્યાહન ભોજન યોજનામાં કુકિંગ કોસ્ટને લઈ મહત્વની જાહેરાત કરાઈ છે. સરકારે મધ્યાહન ભોજન કુકિંગ કોસ્ટમાં વધારો કર્યો છે જેમાં ધોરણ ૧થી ૫માં વિદ્યાર્થી દીઠ રૂપિયા ૫ અને ૪૫ પૈસાનો વધારો કરાયો છે. ધોરણ ૬થી ૮માં વિદ્યાર્થી દીઠ રૂપિયા ૮ અને ૧૭ પૈસાનો વધારો કરાયો છે.

સરકારે મધ્યાહન ભોજન યોજનામાં કુકિંગ કોસ્ટમાં કર્યો વધારો, ધોરણ ૧ થી ૫ માં વિદ્યાર્થી દીઠ રૂ.૫.૪૫ કરાયો, ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થી દીઠ રૂ.૮.૧૭ કરાયો, ઓલ ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન કર્મચારી મંડળે કર્યો વિરોધ કહ્યું "હાલની મોંઘવારીથી નવા કોસ્ટ વધારો ઓછો છે જેનો ઓલ ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન કર્મચારી મંડળે ઉગ્ર વિરોધ કર્યો છે.

મધ્યાહન ભોજન મંડળના સભ્યોએ જણાવ્યું કે, હાલની મોંઘવારી પ્રમાણે ભાવ વધારો ઓછો છે જે વધારે કરવો જોઈએ. મોંઘવારી જોતા પોસાય તેમ નથી. ધોરણ ૧ થી ૫ માં વિદ્યાર્થી દીઠ રૂ.૫.૪૫ તેમજ ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થી દીઠ રૂ.૮.૧૭ કરાયો છે જે વધારાને હુજી વધારવા માટે મધ્યાહન ભોજન મંડળના સભ્યો જણાવી રહ્યાં છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

# આજે ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચશે

**હવામાન પૂર્વાનુમાન મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ મોટા ભાગે ચોખ્ખુ રહેશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચવાનું હવામાન પૂર્વાનુમાન છે.

દાંતીવાડા કૃષિ યુનિટીના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૫ માં આ પૂર્વાનુમાન કહેવાયુ છે.

૧૯ એપ્રિલથી ૨૩ એપ્રિલ માટે કરાયેલ હવામાન પૂર્વાનુમાન મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ મોટા ભાગે ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩ થી ૨૫ ડિગ્રી સે. રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૭ થી ૫૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૬ થી ૧૯ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

૧૯મી એપ્રિલે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચશે જ્યારે બાકીના ૪ દિવસ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી રહેશે. ૧૩ થી ૧૮ એપ્રિલ દરમ્યાન મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨.૪ ડિગ્રી સે. નોંધાયુ હતુ જે ઉલ્લેખનીય છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૦૪ કેસ

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં કોરોના કેસમાં ફરી ધરખમ વધારો. આજે ૧૮ એપ્રિલના રોજ ગુજરાતમાં ફરી કોરોના નવા ૩૦૪ કેસ નોંધાયા છે. આજે કોરોનાના કારણે એક પણ દર્દીનું મોત થયું નથી.ગઈ કાલે એટલે કે ૧૭ એપ્રિલના રોજ ગુજરાતમાં ૧૭૪ કોરોના કેસ નોંધાયા હતા. લાંબા સમય સુધી સતત ૩૦૦થી વધારે કેસ નોંધાયા બાદ ગઈ કાલે કોરોનાના નવા કેસમાં મોટો ઘટાડો નોંધાયો હતો. જોકે હવે કોરોનાના નવા કેસમાં ફરી વધારો થયો છે.

આજે ગુજરાતમાં સૌથી વધારે કેસ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. આજે અમદાવાદમાં ૯૦, સુરતમાં ૩૦, વડોદરામાં ૩૦, મહેસાણામાં ૧૯, વલસાડમાં ૧૪, ગાંધીનગર જિલ્લામાં ૧૨, સુરત જિલ્લામાં ૧૨, ભરુચમાં ૧૦, સાબરકાંઠામાં ૧૦, અમરેલીમાં ૯, પાટણમાં ૯, ગાંધીનગરમાં ૭, રાજકોટમાં ૭, બનાસકાંઠામાં ૫, મોરબીમાં ૫, રાજકોટ જિલ્લામાં ૫, આણંદમાં ૪, વડોદરા જિલ્લામાં ૪ અને જામનગરમાં ૧ કેસ નોંધાયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com